|| સનાતન પરમો ધર્મ ||

પ્રચાર પ્રસાર ફ્રી અમૃત ઉજાગર

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

ફ્રી સોશ્યલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

સ્થાપના-૧૯૯૭

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● અષાઢ સુદ-૯ ● તા. ૧૮-૦૭-૨૦૨૧ ● રવિવાર SDP NO : 453 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

જ્યંતીભાઈ લાડ્ડવાળા રૂપ લાખનું દાન આપી સિલ્વર ટ્રસ્ટી બન્યા...- વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
વિશ્વ ઉમિયાધામ-અમદાવાદ
Reg. No: /A4445/Ahmedabad

Vishv UMIYA Foundation

પત્ર નં. - VUF/h021-hh/395 તા. ૧૩-૦૭-૨૦૨૧



પ્રિય સ્વજન !
શ્રી જ્યંતિભાઈ પટેલ – લાડ્ડવાળા
સિલ્વર દાતાશ્રી એવમ્ ચેરમેન
- ઉમાકન્ન યોજના કમિટી
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, અમદાવાદ

આપશ્રીને આ પત્ર લખતાં પરમ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આપનું આપશ્રીને આ પત્ર લખતાં પરમ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આપનું સમગ્ર જીવન સમાજ માટે દેષ્ટાંત રૂપ છે. ૨૬ વર્ષની ઉંમરે આપશ્રીએ સંકલ્પ લીધો કે, ૪૫ વર્ષની વયે પંખો છોડીને સમાજ સેવામાં સમર્પિત થઈ જજો. પરિવારની મધ્યમ વર્ગીય પરિસ્થિતિમાં આપશ્રીએ નિષ્ઠીરીત કરેલ સમય મર્યાદા કરતાં બે વર્ષ અગાઉ એટલે કે ૪૩ વર્ષની ઉંમરે દિકરાને ધંધાનો કારોબાર સોંપીને કચ્છ કડવા પાટીદાર સમાજને જીવન સમર્પિત કર્યું. કચ્છ કડવા પાટીદાર સમાજમાં સંગઠનની સફળ ઝુંબેશ ઉપાડીને રાત-દિવસ એક કરીને ભારતભરમાં શિસ્તબદ્ધ સંગઠન સાથેના સમાજનું નિર્માણ કરવામાં આપનું યોગદાન અમૂલ્ય છે, તે બદલ આપશ્રીને લાખ લાખ અભિનંદન.

કચ્છી સમાજ મોટા ભાગે લાકડાના વ્યવસાય સાથે સંકળાયેલ છે. સને ૨૦૦૩ માં સરકારે જ્યારે પર્યાવરણના મુદ્દા ઉપર આસરે ૧૨૦૦ જેટલા ટીમબર સો-મીલના કારખાનાઓને સીલ (બાન) કર્યા ત્યારે આપશ્રીએ ગુજરાત ટીમ્બર ફેડરેશનના મહામંત્રી તરીકેની આપની તમામ શક્તિઓને કામે લગાડીને સૂઝિમ કોર્ટમાં સ્વયં દલીલો કરીને જીત મેળવી, જે અકલ્પનીય સિદ્ધિ ગણી શકાય. આપની આ કાબેલિયત માટે સંસ્થા ગૌરવ અનુભવે છે.

સમાજને સમર્પિત થઈને આપશ્રી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની સામાજિક વિચારધારાથી આકર્ષાઈને સક્રિય રીતે જોડાયા અને ૨ જ દિવસે આપે સંસ્થાના સિલ્વર દાતાટ્રસ્ટી બનવાનો મનોમન સંકલ્પ કર્યો. સંપૂર્ણ સમપદાતા બનીને સંસ્થાની અતિ મહત્વપૂર્ણ ઉમાકન્ન સહાય યોજના કમિટીના ચેરમેનશ્રી તરીકેની સેવેલ જ રૂપ જવાબદારી સ્વીકારી, જે આપની શક્તિઓની પરિકાષ્ઠાનો અંતિમ પડાવ જ કહી શકાય.

મધ્યમવર્ગીય પરિસ્થિતિ હોવા છતાં દિલ અને દિમાગમાં સંસ્થા પ્રત્યેની અસીમ લાગણીના પ્રતિસાદમાં આપશ્રીએ સંસ્થાના ૨૫ લાખના સિલ્વર દાતાટ્રસ્ટી બનવાની પોતાની લાગણી સંસ્થાના કાર્યાલયમાં ઈચ્છાને હોઈદોરો વચ્ચે જાહેર કરી અને રૂા. ૫૦ હજાર તે જ ક્ષણે સંસ્થામાં જમા કરાવી પોતાની કટિબદ્ધતા સાબિત કરી તે માટે આપની દિલેરીને દાદ આપવા શબ્દો પણ ઓછા પડે તેમ છે.

સમાજમાં દાન કરવા માટે મોટું દિલ હોવું જોઈએ. દિલની દિલેરી, સ્વયં પરનો વિશ્વાસ, સમાજ પ્રત્યેની ઉચ્ચ ભાવના અને અન્યને મદદરૂપ થવામાં સ્વયંના આનંદની અનુભૂતિ આ સર્વેનો સંગમ ભાગ્યે જ જોવા મળતો હોય છે, જે આપશ્રીમાં મેં જોયો છે. આપની સંસ્થાના સિલ્વર દાતા ટ્રસ્ટી બનવાની ખુમારીને હું વંદન કરું છું.

આપશ્રીના આ નિર્ણયમાં આપના પરિવારના સભ્યોએ આપેલ સંમતિ દીવાદાંડી સમાન છે. આપની પત્નિ દર્શનાબેન, પુત્ર - હેમાંગ, પુત્રવધૂ - રસના, પુત્રીઓ - સંગીતા અને રચનાની સમજદારીને ધન્યવાદ આપું છું, પૌત્ર ક્રાજ અને પૌત્રી નાયરાના જન્મથી આપનો પરિવાર સુખી-સંપન્ન છે ત્યારે આવો પરિવાર મળવો તે મા ઉમિયાની અસીમ કૃપા હોય તો જ શકાય છે. આ માટે સમગ્ર પરિવાર અભિનંદનીય છે.

અંતમાં, આપની બૌદ્ધિક, શારીરિક ક્ષમતા ઉત્તરોત્તર વધતી રહે. આપનો પરિવાર સદાય સુખી, સમૃદ્ધ અને નિરોગીમય બની રહે, આપની સામાજિક કટિબદ્ધતામાં સદાય મા ઉમિયાના આશિર્વાદ પ્રાપ્ત થાય તેવી જગતજનની મા ઉમિયાને હું પ્રાર્થના કરું છું.

પ્રમુખ :
આર.પી.પટેલ
મહામંત્રી :
રૂપેશભાઈ બી પટેલ / પ્રકલાદ ભાઈ એ. પટેલ

Vishv UMIYA Foundation
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
Reg. No: /A4445/Ahmedabad
વિશ્વ ઉમિયાધામ-અમદાવાદ

આર. પી. પટેલ
પ્રમુખ

પ્રમુખ	મહામંત્રી	ઉપપ્રમુખ				કોષી
આર. પી. પટેલ	રૂપેશભાઈ બી. પટેલ	પ્રકલાદભાઈ એ. પટેલ	દીપકભાઈ એમ. પટેલ	ડી. એમ. પટેલ	દામોદરભાઈ એમ. પટેલ	દામોદરભાઈ એમ. પટેલ
વાસણા-સી	હાર્દિકભાઈ પટેલ (દુબઈ)	હરિભાઈ ડી. પટેલ	મહિમભાઈ એમ. પટેલ	ડી. ડી. પટેલ-USA	મનસુખભાઈ એમ. પટેલ	

Off : Vishv Umiya Foundation, Vishv Umiyadham, Opp. Vaishnodevi Temple, Vishv Umiyadham Road, S.G. Highway, Ahmedabad-21
Mob : 72626 86 222 / 333 1 www.vishvumiyafoundation.org | info@vishvumiyafoundation.org

સુરત ઉમિયાધામ ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની મીટીંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આપણી સમાજના લીલાબેન સાંખલાએ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના કાર્યની સુંદર માહિતી આપી હતી... અને મહિલા સંગઠન વિશે વાત કરી હતી..



સુરત માં ઉમિયાધામ ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ની સુરત ચેપ્ટરની સભા. જેમાં ઉપસ્થિત મહિલાઓ

Mission Green India



શ્રી અખિલ ભારતીય યુવાસંઘ મિશન ગ્રીન ઈન્ડિયા અંતર્ગત ૧૭/૦૭/૨૦૨૧ ના યુવાસંઘ ગ્રીનલેન્ડ કાઠિન્સિલ ચેરમેન એબાલાલભાઈ પોકાર દ્વારા રક્ત ચંદનનું વાવેતર કરવામાં આવ્યું. ગોપીધામ ખાતે શ્રી સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સંચાલિત ગુરુકુળ ના સંત સ્વામીશ્રી મુક્તવલ્લભ સ્વામી હસ્તે આ રક્ત ચંદન ના વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું. રક્ત ચંદન એ સુગંધ વિહીન છે પણ તે મેડિકલ સાયન્સમાં ઉપયોગીતા ખુબ છે. આંધ્રપ્રદેશ ની આ ઓરીજીનલ પ્રજાતી છે જે ત્યાં જંગલ વિસ્તાર માં ખુબ પ્રમાણ માં છે. આ વાવેતર માં સાથે સ્થાનિક કાર્યકર્તાઓ પણ જોડાયા હતા.

- ટીમ યુવાસંઘ.

વાતાવરણનું દબાણ

આપણ પર વાતાવરણનું પ્રચંડ દબાણ લાગે છે. એમ કહો કે આપણે બધા હવાના સમુદ્રના તળિયે રહીએ છીએ. એક અંદાજ મુજબ ૧ ચો. સેમી. જગ્યા પર ૧ કિલો વજન જેટલું દબાણ લાગે છે. ચારો કે ઊંચાઈ ૧૫૦ સેમી. ગણીએ, પહોળાઈ ૩૦ સેમી. ગણીએ તો ૪૫૦૦ કિલોગ્રામ વજન જેટલું દબાણ આપણા શરીર પર લાગે છે.



એક હાથીનું વજન ૪૦૦૦ કિલોથી ૬૦૦૦ કિલો જેટલું હોય છે. એટલે કે એક હાથીના વજન જેટલું દબાણ આપણા શરીર પર લાગે છે.



બાળમિત્રો, તમને પ્રશ્ન થશે કે આટલું પ્રચંડ દબાણ લાગવા છતાં આપણને અસર થતી નથી. તેનું કારણ એ છે કે આપણા શરીર પર લાગતાં દબાણને અસરોથવા માટે આપણા શરીરની અંદર સરેલું પ્રવાહી પણ શરીર પર એટલું જ દબાણ કરે છે એટલે કે વાતાવરણના દબાણને સમતોલ છે. તેથી આપણને કોઈ જ અસર થતી નથી. તો હવાના દબાણને નાબના આપણાં શરીરમાં રહેલાં પાણીનો આભાર માનવો જોઈએ.

ગુરુત્વાકર્ષણની શોધ કરનાર આઇઝેક ન્યૂટન



દુનિયાના મહાન વૈજ્ઞાનિકોમાં આઈઝેક ન્યૂટનનો સમાવેશ થાય છે. આઈઝેક ન્યૂટનના તમામ વિષયમાં પ્રસિદ્ધિ છે. પરંતુ તેમાં ફે દિક્કિકલ વિષય એમાં ન્યૂટન જેવા મળ્યો. એમનો જન્મ ૨૫ ડિસેમ્બર, ૧૬૪૨માં ઈંગ્લેન્ડમાં થયો હતો અને મૃત્યુ ૩૨ માર્ચ, ૧૭૨૭માં ઈંગ્લેન્ડમાં જ થયું હતું.

ન્યૂટનનો જન્મ થયા એના ત્રણ મહિના પહેલાં પિતાનું અવસાન થયું હતું. જન્મ સમયે ન્યૂટનની આકાર સામાન્ય બાળક કરતાં ઘણો નાનો હતો. પરિણામે તેમની બચવાની શક્યતા ઓછી હતી. જાણે સંજોગ કરવા માટે જ જાણે ન્યૂટન જન્મ પહેલાં જ જન્મ થયો હોય એમ જણાય.

ગુરુત્વાકર્ષણની શોધ કરી તો ત્યારે ન્યૂટનની ઉંમર ફક્ત ૨૩ વર્ષ હતી. જે ઝડ ઉપરથી સફરજન પડ્યું હતું એ ઝાડના લાકડામાં ફ્રાન્સ અંગ્રેજીમાં મોકલવામાં આવ્યો છે. જેથી એ ઝાડને ઝીરો ડીગ્રીની અક્ષાંશ કરાવી શકાય.

પરંતી ગુરુની ચારેબાજુ ગોળ જાંધી પણ શોધી લેખાતો કરે છે. આ થાય ન્યૂટન જ જણાવી હતી. ફેક્ષ્યુવેશન શીખવામાં એ વિદ્યાર્થીને જેટલો સમય લાગે એટલો સમય ફેક્ષ્યુવેશનની શોધ કરવામાં ન્યૂટનને લાગ્યો હતો. ૧૬૬૬માં ન્યૂટન પિઝામની મદદથી સૂર્યની કિરણોને જોઈને કહ્યું હતું કે આ જ્યુ જાણ કેવી બનીને બનવ છે. તમણે પ્રકાશને પરાવર્તિત કરનાર દૂરબીનનું નિર્માણ કર્યું હતું, જેનો આજે પણ પ્રયોગ કરવામાં આવે છે. ન્યૂટન ૩૫ વર્ષ હાર્ય લખવા લાગ્યા. ન્યૂટન ૪૬ વર્ષ માટે પાર્લામેન્ટના સભ્ય પણ રહ્યાં હતા. પાલામેન્ટમાં ન્યૂટને તેમની ક્વાલુની સીટ ઉપર બેસનાર વ્યક્તિને ખાતી બંધ કરવા કહ્યું હતું. આજા વર્ષ દરમિયાન આ એક જ વાક્ય ન્યૂટન બોલ્યા હતા.

ગત રોજ વડોદરા કચ્છ કડવા પાટીદાર સમાજના ૨૦ ઘટકના આગેવાનોની મિટિંગ ગીતામંદિર વડોદરા ખાતે યોજાઈ હતી.

Vishv UMIYA Foundation

તેમાં ગીતામંદિર સમાજના પીરજભાઈ એ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન તરફ થી ચેરમેન તરીકે પિનાકીન પટેલ અને ઉમાકન્ન કન્વિનિયર તરીકે મલીબાઈ વાઘણી ને આમંત્રણ આપ્યું હતું. મિટિંગ માં તેઓએ ઉમાકન્ન વિષે ની જાણકારી આપી અને તમામ સભ્યો કે જેમની ઉંમર ૧૮ થી ૫૫ વર્ષની વચ્ચે હોય તેઓને આમાં જોડાવા ની હાકલ કરી. કચ્છ પાટીદાર સમાજ માંથી ૩૦૦ સભ્યો ને આમાં જોડવાની ખાતરી આપી.

આભાર... જય ઉમિયા... પિનાકીન પટેલ (વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, વડોદરા)

જન્મદિન શુભેચ્છા.... તા. ૧૮/૦૭/૨૦૨૧

સી.એ. પંકજ રમેશભાઈ પારસીયા

નરોડા, અમદાવાદ
કચ્છ માં સાંચરા ગામ.

YSK No. - 1650
Family ID :- 13131313
cell. 9879369121



- જેનો હાથે શ્રી નવયુગ યુવા મંડળ, નરોડા સલાહકારની ભૂમિકા સદા કરે છે.
- તેમજ ભૂતકાળમાં શ્રી નવયુગ યુવા મંડળ, નરોડામાં ખજાંચી, મહામંત્રી, ઉપ પ્રમુખ અને પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી ચુક્યા છે.

સુદિનમ સુદિના જન્મદિનં તવ। ભવતુ મઙ્ગલં જન્મદિનમ્।।
ચિરંજીવ કુરુ કીર્તિવર્ધનમ્। ચિરંજીવ કુરુ પુણ્યવર્ધનમ્।।
વિજયી ભવતુ સર્વત્ર સર્વદા। જગતિ ભવતુ તવ યશગાનમ્।।

યુવાસંઘ સાથે ૨૦૧૦માં રમતગમત સમિતિના સભ્ય તરીકે જોડાયા બાદ પોતાના શોખને જ આગળ ધપાવતા ૨૦૧૨-૧૪ની ટર્મમાં નમંદા કાઠીયાવાડ સ્પોર્ટસ PDO તરીકે સેવા આપી. ૨૦૧૪-૧૬માં રમતગમત સેન્ટ્રલ કન્વીનર તરીકે હેડકાબાદ ઓલમ્પિયાડની ઉજવણી કરી. ૨૦૧૬-૧૮ની ટર્મમાં સેન્ટ્રલ ટ્રેઝરર તરીકેની ભૂમિકા અદા કરી. તેમજ ૨૦૧૮-૨૧ની ટર્મમાં તેમને રમતગમત સેન્ટ્રલ કન્વીનર તરીકે હિમતનગર ઓલમ્પિયાડની જવાબદારી સોંપવામાં આવી જે તેમણે સુપેરે પાર પાડી. અત્યાર સુધી ૫ ઓલમ્પિયાડનું આયોજન થયું છે જેમાંથી છેલ્લા ૨ ઓલમ્પિયાડના કન્વીનર તરીકે તેમણે સેવા આપી છે.

પ્રચાર પ્રસાર સમિતના સમસ્ત હોદ્દેદારો એવમ્ સંયોજક મિત્રો.

સી.એ. પંકજ રમેશભાઈ પારસીયા

● એચ. પી. એલ્ટ કંપની (સીએ) ● દિવ્ય એન્ટરપ્રાઇઝ
● દીવાદાંડી-ધ લાઈટ હાઉસ ● દિવ્ય ઇલેક્ટ્રીઝ / જી. આર. ઇલેક્ટ્રોમેન્ટ
નરોડા, અમદાવાદ

૪૧મો કચ્છ શક્તિ નેશનલ એવોર્ડ-૨૦૨૧ સન્માન દાર્યક્રમ અષાઢી બીજ નવા વર્ષની પૂર્વ સંધ્યાએ.

અષાઢી બીજ કચ્છી નવા વર્ષની પૂર્વસંધ્યાએ ૧૧ જુલાઈએ સાંજે ૬ વાગ્યાથી નવનીત હોલ, ગુજરાતી સમાજ ભવન, લોટસ પેટ્રોલપંપ સામે, ઍપેરી- જોગેશ્વરી પૂર્વ ખાતે કચ્છ શક્તિ એવોર્ડ યોજાયો.

આ વર્ષની પસંદગી સમિતિમાં તરલાબેન જયંત છેડા, કનૈયાલાલ જોશી, ભિખિન નાગડા, વેલજી બોરીચા, ચીમન મોતા અને એડ. પીયુષ એમ ચાકે કામગીરી બજાવી હતી.



કચ્છ શક્તિ નેશનલ એવોર્ડથી સન્માનિત થયા ચંદ્રકાંત ગોગરી-કચ્છરત્ન

ભુજના પ્રભુ ગઢવીને સાહિત્યરત્ન, રમતગમત એવોર્ડ અમદાવાદના માનસી જોશી, નૃત્યરત્ન ભુજના યેશા લલમીકાંત ઠક્કર, અને ભુજના બાળ કલાકાર ધ્યાના મિલન સોની, ગાંધીધામના અદ્વૈત નવીન એજરીયાને પત્રકાર એવોર્ડ, માંડવીના ગોરધન કવિને પ્રવક્તા એવોર્ડ, શ્રેષ્ઠ પુસ્તક માટે કચ્છની વનૌષધિના લેખક જત નગરના હાજી સુલેહમહમ્મદ જત શિક્ષણ એવોર્ડ ભુજનાં નૂતનબેન પીરેન્દ્ર મહેતાને એનાયત કરવામાં આવેલ.

સમાજસેવા એવોર્ડ માધાપરના હિતેશ હિમતલાલ પંડોર અને એંજાઈના રાજેન્દ્ર મોમાયા ઉર્ફે રાજેશ,

૨૦૨૧ના એવોર્ડ વિજેતાઓનાં નામો કન્વીનર હેમરાજ શાહે જાહેર કર્યાં જેમાં કચ્છ રત્ન એવોર્ડ ચંદ્રકાંત ગોગરી, સમાજરત્ન એવોર્ડ માંડવીના ડો. કીકિક શાહ અને સુધીર વોરા, કચ્છ શક્તિનું આ ૪૧ મું વર્ષ છે.



જેઠાલાલ દ્વાર આપવામા આવતો એવોર્ડ



|| સનાતન પરમો ધર્મ ||

ગીત ગાતા ચલ... સાથી મુસ્કરાતા ચલ...

Part- 3

ભારત ભરથી સમસ્ત પાટીદાર જ્ઞાતિજનો તેમજ સંગીત પ્રેમી મિત્રો ,,

આ કોરોના મહામારીના દુઃખમાં ગમગીન થઈ ગયેલા જ્ઞાતિજનોને ગમ થી બહાર લાવવા માટે એક સુંદર સંગીતમય કાર્યક્રમનું આયોજન યુવા સંઘ દ્વારા દર રવિવારે સાંજે ચાર વાગે કરવામાં આવી રહ્યું છે, આ સંગીત સંધ્યા કાર્યક્રમ એટલે કે રવિવારની શામ,, યુવા સંઘ કે નામ આ કાર્યક્રમ યુવાસંઘની ચાર સમિતિઓ દ્વારા આયોજિત કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા સુરક્ષાકવચ દ્વારા સમાજના દરેક યુવાનોને સુરક્ષિત કરવા માટેનું છે. ભારત ભરથી સમાજના દરેક યુવાન જો આ યુવા સુરક્ષાકવચ થી રક્ષિત હશે તો આપણી સમાજ ના યુવાનમન નું ભવિષ્ય સુરક્ષિત છે, એટલા માટે જ આ સમિતિ ની સાથે સાથે સહયોગ કરી રહી છે ,,હેલ્થ એન્ડ ડીઝાસ્ટર સમિતિ, યુવા ઉત્કર્ષ સમિતિ,વેબ કોમ સમિતિ સાથે સાથે સમાજના તેજસ્વી તારલાઓને બહાર લાવવા માટે, યુવાનોને પ્રોત્સાહિત કરવા માટે યુવા ઉત્કર્ષ સમિતિ આ કાર્યક્રમને ખુબ જ સફિય બનાવી રહી છે. લગાતાર બે રવિવારથી કાર્યક્રમ ખુબ જ સફળ થઇ રહ્યો છે અને આ ત્રીજા રવિવારે પણ આપણે સૌ આ કાર્યક્રમમાં જોડાઈ ચોક્કસ સફળ બનાવીશું જ..તો ચાલો મિત્રો આવતીકાલે બરાબર ચાર વાગે સાંજે આપણે સૌ આ સંગીતમય સાંજ ને રંગીન બનાવવા ,મઘુર બનાવવા યુવાસંઘની ઝુમ લિંક પર લાઈવ જોડાશું...

શ્રીઅખિલ ભારતીય યુવા સંઘ દ્વારા ચાલતી આ સંગીતમય પ્રતિયોગીતા માં ભાગ લેનારા પ્રતિસ્પર્ધકો ના નામ નીચે મુજબ છે...

૧-ડિમ્પલ રાજેશભાઈ પનાણી નવસારી
૨-દિલીપભાઈ ભીમાણી વરસડપુર
૩-મવિણાબેન દડગા. શેઢાબાદ
૪-શંકરભાઈ નાકરાણી ચાટરોડ નાગપુર
૫-નેન્સી ભરતભાઈ રૈયાણી નખત્રાણા
૬-દિનેશભાઈ રામાણી બારડોલી
૭- ગૌતમભાઈ પારેખ કામરેડી
૮-જગદીશભાઈ પટેલ રચિયાલ
૯-ગીતાબેન રાજેશભાઈ લીંબાણી શેઢાબાદ
૧૦-વર્ષા આનંદભાઈ સુરાણી નાગપુર
૧૧-પ્રિતેશ લીંબાણી મોડાસા

સંગીત ના સફર ની
આનંદ જરૂર લેશો

www.jeevansparsh.com

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA
Qualifying & Life Member MDRT

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com.
सही रास्ता है यार...

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ : ૧૬/૭/૨૦૨૧ શુક્રવાર

સ્વ. ચંપાબેન હિરાલાલ ભીમાણી
ઉમર : ૬૯ વર્ષ.
કચ્છમાં ગામ : ધારેશી
હાલે : સોજા (ગુજરાત)

સ્વ. રાધાબેન નરસિંહભાઈ ભાવાણી
ઉમર : ૪૭ વર્ષ.
કચ્છમાં ગામ : ખીરસરા (નેત્રા)
હાલે : સરૂડ, ઢોલપુર (મહારાષ્ટ્ર)
અવસાન કરણ : હાર્ટ એટેક

તારીખ : ૧૭/૭/૨૦૨૧ શનીવાર

સ્વ. દમયંતીબેન પરસોતમભાઈ ભગત
ઉમર : ૫૩ વર્ષ.
કચ્છમાં ગામ : ખોંભડી
હાલે : ઉધના, સુરત (ગુજરાત)

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ ફરા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ